# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination February – 2026

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Course** | : | **DHSI** | **Date** | : | **28-Feb-26** |
| **Subject Code** | : | **DHSI-104** | **Time** | : | **11:30am to 01:45pm** |
| **Subject Name** | : | પર્યાવરણીય સ્વચ્છતા | **Duration** | : | **02.15 Hours** |
| | | | **Max. Marks** | : | **70** |

---

### Section A

Answer the following (Attempt any three) (30)

1. માનવ સ્વાસ્થ્ય અને સુખાકારી પર પર્યાવરણીય પરિબળોની અસરો ઉદાહરણો સાથે સમજાવો.
2. મૃદા પ્રદૂષણના કારણો અને માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ પર તેની અસરો વિગતવાર સમજાવો.
3. ભૂમિ ઉપયોગ યોજના શું છે? ભૂમિ ઉપયોગ યોજનાના મુખ્ય ઉદ્દેશ્યો, ઘટકો અને પર્યાવરણીય પ્રભાવોની વિગતવાર ચર્ચા કરો. ગુજરાતમાં ભૂમિ ઉપયોગ યોજનાના ઉદાહરણો આપો.
4. આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ, રાષ્ટ્રીય નીતિઓ અને કાયદાઓ, અને નાણાકીય વ્યવસ્થા કેવી રીતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તેનું ઉદાહરણો સાથે વર્ણન કરો.
5. ભારતમાં વાયુ પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંઓનું વિગતવાર વર્ણન કરો. રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ (NCAP) અને ભારત સ્ટેજ (BS) ધોરણો પર ખાસ ધ્યાન આપો.

### Section B

Answer the following (Attempt any four) (20)

1. પ્રકાશ પ્રદૂષણની ઇકોસિસ્ટમ અને માનવ સ્વાસ્થ્ય પર થતી અસરોનું વિગતવાર વર્ણન કરો.
2. ઔદ્યોગિક કચરાના પ્રકારો અને લાક્ષણિકતાઓનું વિગતવાર વર્ણન કરો. ઉદાહરણો આપો.
3. ધ્વનિ પ્રદૂષણના વિવિધ સ્ત્રોતો અને તેની લાક્ષણિકતાઓનું વિગતવાર વર્ણન કરો.
4. પ્રદૂષિત જમીનના ઉપચાર માટે ઉપયોગમાં લેવાતી વિવિધ પદ્ધતિઓનું વર્ણન કરો. ઉદાહરણો આપો.
5. વિકિરણ સુરક્ષાના મુખ્ય સિદ્ધાંતો સમજાવો અને દરેક સિદ્ધાંતનો અમલ કેવી રીતે કરી શકાય તેનું ઉદાહરણ આપો.
6. આબોહવા પરિવર્તનના મુખ્ય કારણો અને અસરો વિગતવાર સમજાવો.

## Section C

**Part – A (Multiple Choice Questions)** **(10)**

1 **નીચેનામાંથી કયું શહેરી વિસ્તારોમાં વાયુ પ્રદૂષણનું મુખ્ય કારણ છે?**

A ઔદ્યોગિક પ્રવૃત્તિઓ B વાહનોનો ધુમાડો

C બાંધકામ પ્રવૃત્તિઓ D ઉપરના બધા

2 કઈ પ્રક્રિયાનો ઉપયોગ રેડિયોએક્ટિવ દૂષણને દૂર કરવા માટે થાય છે?

A બાષ્પીભવન B શુદ્ધિકરણ

C ગાળણ D નિસ્યંદન

3 વ્યક્તિગત ડોઝિમીટરનો ઉપયોગ શું માપવા માટે થાય છે?

A હવાનું દબાણ B વિકિરણનો ડોઝ

C હવાનો ભેજ D તાપમાન

4 પાણીના પ્રદૂષણને રોકવા માટે નીચેનામાંથી કઈ પદ્ધતિ અપનાવી શકાય?

A વધુ પડતા રાસાયણિક ખાતરોનો ઉપયોગ B સંકલિત પોષક તત્વ વ્યવસ્થાપન

C પૂર સિંચાઈ D પાકના અવશેષોને બાળવા

5 વિકિરણ સુરક્ષાના ત્રણ મુખ્ય સિદ્ધાંતો કયા છે?

A સમય, અંતર, આવરણ B ઝડપ, ઊંચાઈ, તાપમાન

C પ્રકાશ, ગરમી, ધ્વનિ D દબાણ, ઘનતા, ભેજ

6 પ્રકાશ પ્રદૂષણ કયા પ્રાણીઓના સ્થળાંતરમાં વિક્ષેપ પાડે છે?

A સિંહ B હાથી

C પક્ષીઓ અને કાચબા D વાઘ

7 નીચેનામાંથી કયું ધ્વનિ પ્રદૂષણનું કુદરતી સ્ત્રોત છે?

A વાહનોનો અવાજ B બાંધકામ પ્રવૃત્તિઓ

C વીજળીના કડાકા D લાઉડસ્પીકર

8 કયો પાક જમીનમાં નાઇટ્રોજનનું પ્રમાણ વધારે છે?

A ઘઉં B ડાંગર

C કઠોળ D મકાઈ

9 ગુજરાતમાં આપત્તિ વ્યવસ્થાપન માટેની નોડલ એજન્સી કઈ છે?

A GSDMA B NDMA

C GSRTC D GPCB

10 ટપક સિંચાઈ પદ્ધતિનો મુખ્ય ફાયદો શું છે?

A જમીનનું ધોવાણ અટકાવે છે

B પાણીનો બગાડ ઘટાડે છે

C જંતુઓનો નાશ કરે

D જમીનમાં હવા વધારે

**Part – B (Do as Directed)** **(10)**

1 AERB નું પૂરું નામ શું છે અને તેની ભૂમિકા શું છે?

2 સક્રિય ઘોંઘાટ નિયંત્રણ કેવી રીતે કાર્ય કરે છે?

3 સિંધુ ખીણની સંસ્કૃતિમાં સ્વચ્છતા વ્યવસ્થાના બે ઉદાહરણો આપો.

4 ધ્વનિ સ્તર મીટર શું કાર્ય કરે છે?

5 પ્રાથમિક અને ગૌણ પ્રદૂષકો વચ્ચે શું તફાવત છે?

6 જંતુનાશકોના ઉપયોગથી થતા નુકસાન જણાવો.

7 કૃષિ કચરાના બે પ્રકારો જણાવો.

8 LED લાઇટ શા માટે પરંપરાગત બલ્બ કરતાં વધુ સારી છે?

9 આયનીકરણ અને બિન-આયનીકરણ વિકિરણ વચ્ચે શું તફાવત છે

10 ટકાઉ બાંધકામના ચાર ફાયદા જણાવો.

*****